ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૨ ટકા

ગાંધીનગર તાપમાન

આ વર્ષે ઉંધીયા-જલેબીનું ઓનલાઈન પ્રી બુકીંગ

ઉત્તરાયણની આગલી સાંજે શાકભાજીના ભાવ ઘટયા : ઉંધીયા માટે મીકસ શાકભાજી તથા બોર શેરડીનું ધમધોકાર વેચાણ થયું

ગાંધીનગર, તા.૧૩

આજે કોરોનાથી મુકિત થવાની ભાતિ કરાવતો વર્ષનો પ્રથમ તહેવાર એટલે મકરસંકાંતિ. નાના મોટા તમામ આજે સવારથી જ ધાબે ચડીને એ કાપ્યો છેની બૂમથી લઈ ભૂખ લાગી હવે ની બૂમ પાડતા સંભળાશે ત્યારે શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉંધીયું ડિમાન્ડમાં છે. સાંજથી જ શાકભાજીના ભાવમાં પણ ઘટાડો નોંધાયો છે. તમામ ગૃહિણીઓ ઉંધીયું બનાવવા માટે સજજ છે ઉપરાંત શહેરની ફરસાણની દુકાનોમાં પણ આ વર્ષે પ્રી ઉંધીયું બુકીંગ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ટૂંકમાં આ તહેવારને લઈને શહેરમાં જોરશોરની તૈયારી શરૂ થઈ ગઈ છે.

શહેરીજનો આગળના દરેક તહેવારોને છૂટથી નથી માણી શકયા પરંતુ આ ઉત્તરાયણના તહેવારમાં હવે કોરોનાનું ગ્રહણ લાગ્યું નથી. સરકાર દ્વારા પણ મકરસંકાંતિનો તહેવાર ઉજવવાની અમુક ગાઈડલાઈન્સનું પાલન કરતા છુટ આપવામાં આવી છે. એટલે શહેરીજનો આ તહેવારને ઉજવવામાં કોઈ કમી બાકી નહીં રાખે. અમુક ગૃહિણીઓ આજે ચટાકેદાર ઉંધીયું બનાવશે તો અમુક ગૃહિણીઓ ઉત્તરાયણના તહેવારને માણવાની એક પણ ક્ષણને ચુકયા વગર પતંગ ચઢાવવાની મજા માણતા ઉંધીયું શહેરની ફરસાણની દુકાનમાંથી ઓર્ડર કરશે.

ઉત્તરાયણના દિવસે જો ઉંધીયું ન આરોગાય તો તહેવારની મજા જ રહેતી નથી તેવું માનનાર લગભગ તમામ ઘરે આજે ઉંધીયું આરોગશે સાથે સાથે જલેબી અને લીલવાની કચોરી પણ

પીરસાશે. શહેરના શાકમાર્કેટમાં ઉત્તરાયણની આગલી સાંજે ભારી ભીડ જોવા મળી હતી. વળી શાકભાજીના ભાવમાં પણ ઘટાડો નોંધાયો હતો. તમામ શાક ૨૦ થી ૩૦ રૂપિયે કિલો મળતા હતા. સાથે સાથે બોર અને શેરડી પણ વેચાઈ રહ્યા હતા.

ઉપરાંત, શહેરની ફરસાણ-મીઠાઈની દુકાનો દ્વારા પણ કોરોનાને કારણે આ વર્ષે વીસેક ટકા ઓછું ઉંધીયું દર વર્ષની સરખામણીએ બનાવાયું છે. ઉંધીયાનો ભાવ ૨૮૦ રૂપિયે કિલો છે. જેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેલની જલેબી પણ ૨૮૦ રૂપિયે કિલો, ઈમારતી, ઘી અને પનીર જલેબી ૫૬૦ રૂપિયે કિલો એમ ભાવ છે તથા લીલવાની કચોરી પણ ૨૫૦ થી ૮૦ રૂપિયે કિલોના ભાવ સાથે વેચાશે આ તમામ વસ્તુનો પ્રી-ઓર્ડર પણ લેવાઈ રહ્યો છે. ઉપરાંત દરેક ફરસાણની દુકાનની બહાર કાઉન્ટર થોડા થોડા ડિસ્ટન્સ સાથે મુકાશે જેને કારણે એક જ કાઉન્ટર પર ભીંડ ન નોંધાય. આમ, તમામ શહેરીજનો ઉત્તરાયણનો તહેવાર ઉજવવા સજજ જણાય છે.

આ વર્ષે બ્યૂગલ અને ગોગલ્સ સાથે વિવિધ માસ્કનો ક્રેઝ

ગાંધીનગર, તા.૧૩

શહેરીજનો ઉત્તરાયણમાં પતંગ ચઢાવવાની સાથે સાથે વિવિધ પ્રોપ્સ સાથે તૈયાર થતા હોય છે અને સોશિયલ મીડિયામાં ફોટો વાયરલ પણ કરતા હોય છે. આ ક્રેઝ વર્ષોથી છે વિવિધ આકારની કેપ, મુખોટા સાથે અનેક પ્રકારના બ્યૂગલ અને માસ્ક પહેરવાનો શહેરીજનોમાં અનેરો ક્રેઝ છે ત્યારે શહેરમાં પતંગ બજારમાં ઉત્તરાયણ નિમિત્તે તેમાં ઉપયોગમાં લેવાતા પ્રોપ્સ વેચાઈ રહ્યા છે. પતંગ, દોરી સાથે વિવિધ પ્રકારના માસ્ક તેમાં પણ કૂકડા ટોપી હાલ ટ્રેન્ડમાં છે. અવાજ કરતા બ્યૂગલ દર વર્ષની જેમ બજારમાં વેચાઈ રહ્યા છે એ સાથે છોકરાઓની શોભા વધારતા ગોગલ્સ રૂ. ૯૯ થી લઈ ૫૦૦ રૂપિયા સુધીમાં વેચાઈ રહ્યા છે.

શહેરના પતંગ બજારમાં વિવિધ પ્રકારના મુખોટા, ટોપી, બ્યુગલ અને ગોગલ્સ વેચાઈ રહ્યા છે. જેની કીંમત ૫૦ રૂપિયાથી શરૂ થઈ ૫૦૦ રૂપિયા સુધીની છે. અવાજ કરતા બ્યૂગલનો ઉપયોગ પતંગના પેચ લડાવ્યા બાદ કપાતા પતંગ માટે લપેટ બોલવાની જગ્યાએ થાય છે જે બાળકોને અતિ પ્રિય છે. ટોપીમાં પંખાવાળી ટોપી ઉપરાંત મુખોટામાં સિંહ, વરૂ, ચિત્તો જેવા પ્રાણીના મુખોટા ચલણમાં છે. ખાસ બાળકો આ તમામ ચીજવસ્તુઓ ખરીદવા માટે એકસાઈટેડ જણાય છે. ઘણા બાળકો તો ઉત્તરાયણના બે દિવસ અગાઉથી જ બ્યૂગલ લઈને ઉત્તરાયણને વધાવી રહ્યા છે.

ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની યુવા પેઢીને પ્રેરણા અને જ્ઞાન દ્વારા સશક્તિકરણ માટે વર્ષ ભર ચાલનાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગ રૂપે, ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે, ૧૨ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ વેબિનારનુંઆયોજન કરવામાંઆવ્યું હતું.

આ કાર્યક્રમ યુવા શક્તિના મહત્તમ ઉપયોગ દ્વારા આવનારી પેઢીને નવતર સંશોધનકાર અને ઉદ્યમીઓ બનવાની પ્રેરણા મળે એવા આશયથી ઘડવામાં આવ્યો છે. ગુજકોસ્ટે આ વર્ષે ફકત યુવા દિવસની ઉજવણી જ પુરુતું જ ન રાખતા સંપૂર્ણ ૨૦૨૧ નું વર્ષ યુવા વર્ષ તરીકે ઉજવવા માટે વિસ્તૃત આયોજન કર્યું છે અને આ અંતર્ગત રોબોટિકસ, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ વગેરે જેવી ઈમર્જિંગ ટેક્નોલોજી પર દર મહિને સેમિનાર યોજાશે.

આ પ્રસંગે અનુપમ જલોટે, સીઈઓ, આઈક્રિએટ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન પુવાપેઢીને સામાજિક સમસ્યાનો ઉકેલ શોધવા નવીનતમ ટેક્નોલોજી દ્વારા સંશોધન કરવા પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે ઈન્નોવેશન આંતરિક પ્રતિભા છે અને યુવાપેઢીમાં રહેલી આંતરિક શક્તિઓના સાચી દિશામાં ઉપયોગ વડે આત્મનિર્ભાર ભારતનું સપનું સાકાર કરી શકાય. તેમણે ઈન્નોવેશન માટે ઈન્ટરનેટ અને રિસર્ચ પેપર દ્વારા મળતી માહિતીઓનો ઉપયોગ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

સાલટેક ડિઝાઈન લેબ્સના યુવા ઉદ્યમી આદિત્ય શુક્લાએ સ્ટાર્ટ અપ સ્થાપવાની તેમની પ્રેરણાદાયી સફર વિષે વાત કરી. પ્લાસ્ટિક પ્રદૂષણ શહેરી વિકાસ સાથેનું એક નવું પડકાર છે. સાલ્ટેક સ્ટાર્ટઅપ દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણને સ્વદેશી ટેક્નોલોજી દ્વારા દૂર કરવા પ્રયાસો હાથ ધરાયા છે.

વેબિનારમાં રાજ્યભરના ૩૩૨ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓ હાજર રહ્યા હતા. આ વેબિનાર ગુજકોસ્ટની યુટ્યુબ ચેનલ પર અપલોડ કરવામાં આવ્યો છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન કિરીટભાઈ બારોટને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વકીલોના વેલ્ફેર ફંડ માટે ૫ કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદિપસિંહ જાડેજા ઉપરાંત દિલીપભાઈ પટેલ, અનિલ કેલ્લા, ભરત ભગત, દીપેન દવે, સી.કે. પટેલ, હીરાભાઈ પટેલ, શંકરસિંહ ગોહિલ તથા કરણસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પેથાપુરમાંથી રૂ.૨૫૦૦ ની ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર બસ સ્ટેન્ડની સામે આવેલી લારી પર બાતમીને પગલે પેથાપુર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા લારી નીચેથી ચાઈનીઝ દોરીના ચાર રીલ મળી આવ્યા હતા. જેથી પોલીસે રૂ.૨૫૦૦ ની કિંમતના દોરીનો જથ્થો જપ્ત કરીને વેપારી સુરેશભાઈ રાજુભાઈ પટ્ટણી (ઉં.૨૫ રહે.આંકોલ પેથાપુર) સામે જાહેરનામા ભંગ હેઠળ ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે બીજીતરફ અડાલજ બજાર ખાતે દવાખાનાની બાજુમાં આઈશ્રી ખોડીયાર પતંગ ભંડાર નામના સ્ટોલ પરથી પોલીસે ચાઈનીઝ દોરીની બે ફીરકી પકડી પાડી હતી. જેથી અડાલજ પોલીસે વેપારી રૂ.૨૦૦ ની કિંમતની બે ફીરકી કબ્જે કરી ભરતજી બાબુજી ઠાકોર (ઉં.૪૬ રહે.મહાદેવવાળો વાસ) સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

ઉત્તરાયણના આગળના દિવસે બપોર પછી સરકારી કચેરીઓમાં કર્મચારીઓની સંખ્યા ઘટી ગઈ...!!

ઉત્તરાયણ માટેની તૈયારીઓના પગલે અનેક કર્મચારીઓ વહેલા ઘરે જવા નીકળી ગયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં ઉત્તરાયણનો તહેવાર ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે અને આજે ઉત્તરાયણના એક દિવસ પૂર્વે શહેરમાં પર્વનો માહોલ સર્જાતો અનુભવાયો હતો. પાટનગરની સરકારી કચેરીઓમાં પણ આજે પતંગ-દોરીની ખરીદી અંગેની વાતો કે ઉંધિયા-જલેબીની ભાવોની ચર્ચા સાંભળવા મળી હતી તેમજ ચિક્કીના બોકસની હેરફેર પણ નજરે ચઢતી હતી. આ ઉપરાંત બપોર પછી તો કર્મચારીઓનો જીવ જાણે કામમાં ચોંટતો જ ના હોય અને વહેલા ઓફિસેથી નીકળી સંતાનો માટે પતંગ-દોરી વગેરેની ખરીદી કરવા ઉતાવળા થયા હોવાથી લગભગ સાંજના ચાર વાગ્યા પછી ધીમે ધીમે હાજરી ઘટવા લાગી હતી અને પાંચ વાગ્યા પછી તો મોટા ભાગની કચેરીઓ અડધો અડધો ખાલી થઈ ગઈ હોવાનું અનુભવાયું હતું.

થોડા વર્ષો પહેલા ઉત્તરાયણના આગળના દિવસે શાળાઓમાં દોરી પીવડાવવા માટે અનૌપચારિક રીતે બાળકોને બપોર પછી છુટ્ટી આપી દેવાતી હતી. આ સ્થિતિ ગ્રામ્ય વિસ્તારની સરકારી શાળાઓમાં તો કદાચ હજુ પણ જળવાયેલી છે અને શહેરની કેટલીક ખાનગી શાળાઓ આ દિવસે ઉત્તરાયણ અંગે એકાદ કાર્યક્રમ યોજી પછી બાળકોને વહેલા ઘરે જવા અનુમતી આપતી પણ જોવા મળે છે. આવી સ્થિતિ સરકારી કચેરીઓમાં પણ જોવા મળે છે. જેમાં ઉત્તરાયણના આગળના દિવસે કર્મચારીઓ ઉપરી અધિકારીની રહેમનજર તળે વહેલા ઘરે જવા નીકળી જાય છે જેથી પરિવાર સાથે બજારમાં જઈને પતંગ-દોરીની ખરીદી કરી શકે. જો કે હવે તૈયાર દોરીનો જમાનો વધુ છે તેમ છતાં ઉત્તરાયણના અગાઉના દિવસે વહેલા ઘરે જવાનું ચલણ હજુ જળવાયું છે જેનું મુખ્ય કારણ અપડાઉન કરતા કર્મચારીઓને તહેવારના આયોજનો પુરતો સમય મળે અને હવે ગ્રૂપમાં કોઈ એક સ્થળે એકઠાં થઈને ઉત્તરાયણની મોજ માણવાનો ટ્રેન્ડ હોવાથી જયાં જવાનું હોય ત્યાં વહેલા પહોંચી શકે જેથી બીજા દિવસે વહેલી સવારથી જ પતંગબાજીની મોજ માણી શકાય જો કે આ વખતે કોરોના ગાઈડલાઈનના લીધે ગ્રૂપમાં ઉત્તરાયણ કરવાના આયોજનો પર બ્રેક વાગી છે પરંતુ પતંગ દોરીની ખરીદીના બહાને આજે પાટનગરના સચિવાલયો સહિતની સરકારી અર્ધસરકારી કચેરીઓમાં સાંજે વહેલા ઘરે જવા નીકળી જવાનો ટ્રેન્ડ યથાવત રીતે જોવા મળ્યો હતો.

દારપણાનો દાખલો ખોટો નીકળતા બે વ્યકિત સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર કોર્ટમાં જામીન માટે મુકવામાં આવેલ દારપણાનો દાખલો ખોટો નીકળતા બે વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે. ગાંધીનગના બીજા એડિશનલ સિવિલ જજ તેમજ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં ફરજ બજાવતા મનોજભાઈ શાંતિલાલ વાઘેલાએ આ મુદ્દે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ૧૨ જાન્યુઆરીના રોજ છેતરપિંડીના આરોપી લોકેન્દ્રસિંહ ચંદનસિંહ સકતાવતના જામીન મંજુર થયા હતા. જેમાં તેના જામીનદાર તરીકે અર્જુનજી ગલાબજી ઠાકોર (રહે.ચાણસ્મા) રજુ થયો હતો.જેમાં એફીડેવીટ, બોન્ડ તેમજ જામીનદાર પોતે અઢી લાખ રૂપીયા ચુકવવા માટે સક્ષમ હોવાનું દર્શાવતા દારપણાનો દાખલો રજુ કર્યો હતો.મામલતદાર કચેરી કડી નામે ઈશ્યુ થયેલો દાખલો શંકાસ્પદ લાગતા કોર્ટ દ્વારા ખરાઈ માટે આદેશ થયો હતો. જેથી સ્ટાફના સભ્યો દ્વારા કડી મામલતદાર કચેરી ખાતે દાખલો મોકલી આપી ચેક કરાવતા આવો કોઈ જ દાખલો અપાયો ન હોવાનું સામે આવ્યું હતું. જેથી બંને સામે બનાવટી દસ્તાવેજ અને છેતરપિંડી અંગે ગુનો નોંધાયો હતો. જેથી પોલીસે બનાવટી દસ્તાવેજ કોની મદદથી અને કોણે બનાવી આપ્યો હતો તે દિશામાં તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પતંગની દોરીથી ઘાયલ દુર્લભ કાળી કાંકણસાર પક્ષીને રેસ્કયુ કરાયું

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ઉત્તરાયણ પર્વના એક દિવસ અગાઉ પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના બર્ડ રેસક્યુઅર યુવા સ્વયંસેવકો દ્વારા ડભોડા ખાતેથી એક દુર્લભ

ગ્લોસી આઈબીશ પક્ષીને રેસ્કયુ કર્યું હતું. કાળી કાંકણસાર તરીકે ઓળખાતું આ પક્ષી પતંગની દોરીથી ઘાયલ થઈને ઝાડની ડાળીએ લટકી પડયુ હતું જેને સ્થાનિક ગ્રામજનોએ ઉતારીને ઘાયલ અવસ્થામાં હોવાથી એક તગારા નીચે સાચવીને રાખી દીધું હતું. પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટને કોલ મળતાં તેના બે સ્વયંસેવકો અમિત ગોંડ અને વિવેક પરમાર ડભોડા ખાતે ધસી ગયા હતા અને આઈબીશને રેસ્કયુ કરી ગાંધીનગર સે-૩૦ના સારવાર કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર અપાવી હતી. આ પછી આ દુર્લભ પક્ષીને વન ચેતના કેન્દ્રના હવાલે કરી દેવામાં આવ્યું હતું. જયાં તેની સારસંભાળ લેવાઈ રહી છે.

જમીયતપુરા પ્રભા હનુમાન મંદિરેથી ૧૦ કરોડ વડના વૃક્ષ વાવવાના મહાઅભિયાનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૩

વિશ્વ સમુદાયને જલવાયું પરિવર્તનના ભયંકર પરિણામોથી બચાવવા માટે અને ભારતની આર્થિક સ્થિતિ મજબૂત કરવા તેમજ પર્યાવરણ બચાવવા પશુ-પક્ષીઓના રહેવાની વ્યવસ્થાના ઉમદા હેતુથી અડાલજ પાસેના જમીયતપુરા ખાતેના શ્રી પ્રભા હનુમાનજી મંદિર ખાતે વિજય સ્વામી મહારાજના સહયોગથી વડ, પીપળ, ઉમરા, દાડમ, જામફળ, જાંબુ વગેરેના વૃક્ષો વાવવાનું કામ આરંભ કરવામાં આવ્યું છે. આ કાર્યમાં સહકાર આપવા અને સહભાગી થવા પ્રકૃતિ પ્રેમીઓને તા. ૧૦મી જાન્યુઆરીએ 'ચાલો એક દિવસ, એક રવિવાર પ્રકૃતિને સમર્પિત કરીએ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૧૦ કરોડ વડના વૃક્ષો વાવવાના મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ઘ-૪ અન્ડરબ્રીજનું કામ પત્યું નથી ત્યાં ગ-૪ પણ બંધ કરી દેવાતા વસાહત મહાસંઘ લાલઘુમ...!!

શહેરની મધ્યમાં જ બંને મુખ્ય માર્ગો એક સાથે બંધ થઈ જતા નાગરિકોને પારાવાર હાલાકી : યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા નહીં ગોઠવાય તો મહાસંઘ અદાલતનો દરવાજો ખટખટાવશે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં વિવિધ વિકાસકાર્યો પુરજોશમાં ચાલી રહ્યા છે. જેમાં ખાસ કરીને ઘ માર્ગ અને ગ માર્ગ પરના અન્ડરપાસના કામ છે જેના કારણે શહેરના નાગરિકોને થોડી ઘણી પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. છેલ્લાં કેટલાંક મહિનાઓથી ઘ માર્ગ પરના અન્ડરપાસને કારણે ઘ-૪ સર્કલવાળો વિસ્તાર બંધ કરી દેવાયો હતો જેનું કામ હજુ ચાલુ જ છે ત્યાં હવે ગ માર્ગ પણ ગ-૪ની આસપાસ બંધ કરી ડાયવર્ઝન આપી દેવાતા વાહનચાલકોમાં નારાજગીનો સૂર જોવા મળી રહ્યો છે. આ બાબતને અનુલક્ષીને શહેર વસાહત મહાસંઘ દ્વારા રોષ ઠાલવવામાં આવ્યો છે અને ઘ-૪ અન્ડરબ્રીજનું કામ ઝડપથી પતાવવા સાથે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવે તો આંદોલનનો દરવાજો ખટકાવવાની ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર શહેરના જુજ મુખ્ય માર્ગો પૈકીના સૌથી વ્યસ્ત અને શહેરની મધ્યમાંથી જ પસાર થતા ઘ માર્ગ અને ગ માર્ગ બંને વચ્ચોવચથી જ બંધ કરી દેવાયા છે જેના કારણે આ સ્થળેથી નિયમિત રીતે પસાર થતાં નોકરિયાતો, ધંધાર્થીઓ સહિતના મોટા ભાગના વાહનચાલકોને લાંબા ચકકર કાપવા પડતા હોવાથી તેઓ અકળામણ અનુભવી રહ્યા છે, વળી, લાંબા ચકકર કાપવા સાથે ટ્રાફિક સિગ્નલ્સ પણ રૂટમાં રેડલાઈટ સાથે સહન કરવા પડી રહ્યા છે. જેથી વાહનચાલકોને સમય વેડફાઈ રહ્યો હોવાથી શહેરની સામાન્ય પ્રજામાં પણ નારાજગીનો સૂર જોવા મળી રહ્યો છે. શહેર વસાહત મહાસંઘના જણાવ્યા મુજબ બંને માર્ગ એક સાથે બંધ થઈ જવાથી ઈંધણનો વ્યય પણ વધી રહ્યો છે અને સેકટર-૧૨ સહિત આંતરિક માર્ગો પરથી પસાર થવાને કારણે વારંવાર સ્પીડબ્રેકર તેમજ ટ્રાફિકની સમસ્યા સર્જાવાથી નાગરિકોને પડતી હાલાકીના કારણે અસંતોષ ફેલાઈ રહ્યો છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે ઘ-૪ના અન્ડરપાસનું કામ શરૂ કરી એક વર્ષ ઉપરનો સમય વીતવા છતાં માંડ પચાસ ટકા જેટલું કામ પુરું થવા પામ્યું છે અને હજુ તેમાં પણ બીજા પાંચેક માસનો સમય લાગી શકે છે. આ સ્થિતિમાં ગ-૪ના અન્ડરપાસનું કામ પણ શરૂ કરી દેવાતા પ્રજાને હાલાકી પડી રહી છે તેથી વહીવટી તંત્ર દ્વારા એક માર્ગનું કામ પુરું થયા પછી અન્ય માર્ગનું કામ હાથ ધરવામાં આવ્યું હોત તો વધુ સુગમભર્યું બની રહેત તેવો મત વસાહત મહાસંઘે વ્યકત કર્યો છે. આ સાથે મહાસંઘે ઘ-૪ અન્ડરબ્રીજનું ગોકળગતિએ ચાલતું કાર્ય ઝડપથી પુરું કરવા અને નાગરિકોને અવરજવર માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા તંત્રને અપીલ કરી છે અન્યથા માનવહક્કને ધ્યાનમાં રાખીને ન્યાયાલયનો સહારો લેવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

સ્વર્ણિમ પાર્ક પાસેના ડાયવર્ઝન પર ખાણીપીણીના જમાવડાથી અકસ્માતનું જોખમ

શહેરના ઘ-૫ થી સે-૧૬ના બેકિંગ વિસ્તાર પરના ડાયવર્ઝનને સ્વર્ણિમ પાર્કને સમાંતર મહાત્મા મંદિર તરફ જવાના માર્ગ નં. ૪ પર આપવામાં આવ્યું છે ત્યાં દરરોજ સવારે અને સાંજે ખાણી પીણી સહિત બાળકોના રમકડાં વેચતા ફેરિયાઓ વગેરેનું બજાર જામે છે. વળી ખાણીપીણીના ખુમચાઓ કે લારીઓવાળા પાસે એકઠાં થતા નાગરિકો પોતાના વાહનો આડેધડ રોડ પર પાર્ક કરે છે કેમ કે પાર્કિંગ લોટમાં જ લારીઓ વગેરેનો જમાવડો હોય છે જેના કારણે દિવસ દરમિયાન અહીં ટ્રાફિક જામની સમસ્યા વારંવાર સર્જાય છે. તેમજ સાંજના સમયે પાર્કમાં આવેલા પરિવારોના બાળકો વગેરેને માથે અકસ્માતનું જોખમ પણ ખડું થાય છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સુબીર દેબ સરકાર, ઉ.વ. ૬૩, સેકટર-૨૯, ગાંધીનગર
- સ્વ. અમીન રજનીકાંતભાઈ કુબેરભાઈ, ઉ.વ. ૯૦, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. વણઝારા હંસાબેન ખેમાજી, ઉ.વ. ૫૫, ઉવારસદ, તા. ગાંધીનગર
- સ્વ. રાજેન્દ્રકુમાર મોહનલાલ વ્યાસ, ઉ.વ. ૬૫, સેકટર-૫, ગાંધીનગર